**SHRI C.N.P.F ARTS AND D.N.SCIENCE COLLEGE, DABHOI**

# Question Bank

## સેમ-૧ બી.એ.

## અર્થશાસ્ત્ર પેપર-૨ ભારતીય અર્થકારણ-૧ (C.C. 102)

## પ્રો.એસ.વી.પટેલ (અધ્યક્ષ અર્થશાસ્ત્ર)

૧- કાચી ગૃહ પેદાશ કોને કહેવાય ?

કોઈ એક નિશ્ચિત વર્ષ દરમ્યાન આંતરિક સાધનો વડે જેટલી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે એણા નાણાંકીય મૂલ્યને કાચી ગૃહ પેદાશ કહે છે.

૨- જી.ડી.પી.નું પૂરેપૂરું ગુજરાતી નામ શું થાય ?

કાચી ગૃહ પેદાશ

3- એન.ડી,પી.નું પૂરેપૂરું ગુજરાતી નામ શું થાય ?

ચોખ્ખી ગૃહ પેદાશ

૪- જી.એન.પી.નું પૂરેપૂરું ગુજરાતી નામ શું થાય ?

કુલ રાષ્ટ્રિય પેદાશ

૫- એન.એન.પી.નું પૂરેપૂરું ગુજરાતી નામ શું થાય ?

ચોખ્ખી રાષ્ટ્રિય પેદાશ

૬- જી.એન.પી. કોણે કહેવાય ?

કોઈ દેશમાં કોઈ વર્ષમાં ખાનગી,સહકારી તથા જાહેર ક્ષેત્રે જે તૈયાર ચીજો,સેવાઓ અને નવાં મૂડી સાધનો પેદા થાય છે તેને સ્થિર ભાવોએ ગણતાં પ્રાપ્ત થતું કુલ મૂલ્ય અને દેશની નિકાસ-આયાતનાં મૂલ્યોનો તફાવત.

૭- એન.એન.પી.કોણે કહેવાય ?

વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન માટે જે મશીનો અને યંત્રોનો પ્રયોગ કરવામાં આવે છે એમાંથી ઉત્પાદન દરમ્યાન ટૂટફૂટ અને ઘસારાના કારણે કિંમતમાં-મૂલ્યમાં કેટલોક ઘટાડો થાય છે એ બાદ કરતાં જે ચોખ્ખું ઉત્પાદન રહે તેને એન.એન.પી. કહે છે.

૮- કાચી રાષ્ટ્રિય પેદાશ કરતાં ચોખ્ખી રાષ્ટ્રિય પેદાશ હંમેશાં કેવી હોય છે ?

ઓછી

૯- રાષ્ટ્રિય આવક માપવાની મુખ્ય પધ્ધતિઓ કેટલી છે ?

ત્રણ

૧૦- ઉત્પાદન પધ્ધતિનું બીજું નામ ક્યું છે ?

વસ્તુ સેવા પધ્ધતિ

૧૧- વેલ્યુ એડેડ મેથડનું ગુજરાતી શું થાય ?

મૂલ્યવૃધ્ધિ પધ્ધતિ

૧૨- ભારતીય અર્થતંત્રના મુખ્ય વિભાગો કેટલા છે ?

ત્રણ

૧૩- હાલમાં ભારતના રાષ્ટ્રિય ઉત્પાદનમાં પ્રાથમિક વિભાગનો ફાળો અંદાજે કેટલો છે ?

૧૯ ટકા જેટલો

૧૪- હાલમાં ભારતમાં પ્રાથમિક વિભાગનો રોજગારીમાં ફાળો અંદાજે કેટલો છે ?

૫૦ ટકા જેટલો

૧૫- પ્રાથમિક વિભાગમાં શાનો શાનો સમાવેશ થાય છે ?

ખેતી,પશુપાલન,મત્સ્ય ઉધોગ,મરઘાં બતકાં ઉછેર,જંગલમાં લાકડાં કાપવાનો વ્યવસાય વગેરે.

૧૬- માધ્યમિક વિભાગમાં શાનો શાનો સમાવેશ થાય છે ?

મોટા પાયાના ઉધોગો,નાના પાયના ઉધોગો,ગૃહ ઉધોગો અથવા જાહેર,ખાનગી,સહકારી, સંયુક્ત ક્ષેત્રના ઉધોગો.

૧૭- હાલમાં ભારતના રાષ્ટ્રિય ઉત્પાદનમાં માધ્યમિક વિભાગનો અંદાજે ફાળો કેટલો છે ?

૩૦ ટકા જેટલો

૧૮- હાલમાં ભારતની રોજગારીમાં માધ્યમિક વિભાગનો ફાળો અંદાજે કેટલો છે ?

૨૩ ટકા જેટલો

૧૯- સેવા વિભાગમાં શાનો શાનો સમાવેશ થાય છે ?

તારટપાલ,ટેલિફોન,વેપાર વાણિજ્ય,વાહન વ્યવહાર,રેલ્વે,માર્ગ પરિવહન,હવાઈ માર્ગ,જળ માર્ગ,બેકિંગ,વીમો,પૂલોનું બાંધકામ,જાહેર મકાનો,રહેઠાણોનું બાંધકામ વગેરે.

૨૦- હાલમાં ભારતના રાષ્ટ્રિય ઉત્પાદમાં સેવા વિભાગનો ફાળો અંદાજે કેટલા ટકા છે ?

૫૧ ટકા જેટલો

૨૧- હાલમાં ભારતની રોજગારીમાં સેવા વિભાગનો ફાળો અંદાજે કેટલા ટકા છે ?

૨૭ ટકા જેટલો

૨૨- હરિયાળી ક્રાંતિ કોણે કહેવાય ?

ખેડૂતોના દ્રષ્ટિબિંદુ અને ઉત્પાદન પધ્ધતિમાં કરવામાં આવતો ફેરફાર.

૨૩- હરિયાળી ક્રાંતિથી અનાજના ઉત્પાદનમાં શું થયું છે ?

વૃધ્ધિ

૨૪- હરિયાળી ક્રાંતિને ખાસ ક્યા પાકની ક્રાંતિ કહે છે ?

ઘઉંની ક્રાંતિ

૨૫- આઈ.એ.એ.પી.નું પૂરેપૂરું ગુજરાતી નામ શું થાય ?

ગહન કૃષિ જિલ્લા કાર્યક્રમ

૨૬- સેન્દ્રિય કૃષિનો અર્થ શું થાય ?

જંતુનાશકો તેમજ રાસાણિક ખાતરોનો ઉપયોગ કર્યા વિના લેવામાં આવતું કૃષિ ઉત્પાદન.

૨૭- ડબલ્યુ.ટી.ઓ.નું પૂરેપૂરું ગુજરાતી નામ શું થાય ?

વિશ્વ વ્યાપાર સંગઠન

૨૮- જી.આઈ.એ.એન.નું પૂરેપૂરું ગુજરાતી નામ શું થાય ?

ગ્રાસરૂટ ઈ ન્સ્ટોલેશન ઓગમે ન્ટેશન નેટવર્ક

૨૯- એસ.ઈ.વી.એ.નું પૂરેપૂરું ગુજરાતી નામ શું થાય ?

સ્વરોજગારી મેળવતી સ્ત્રીઓનું જૂથ

30- હાલમાં ભારતની રાષ્ટ્રિય આવકમાં ઉત્તરોત્તર ક્યા ક્ષેત્રનો હિસ્સો વધી રહ્યો છે ?

સેવા ક્ષેત્રનો

૩૧- વસ્તી સંક્રમણના તબક્કા કેટલા છે ?

ત્રણ

૩૨- વસ્તી સંક્રમણના બીજા તબક્કામાં શું હોય છે ?

જન્મદર ઉંચો અને મૃત્યુદર નીચો

૩૩- ભારતમાં અધિકૃત વસ્તી ગણતરી ક્યારથી શરૂ થઈ ?

ઈ.સ.૧૮૯૧ થી

૩૪- ભારતના વસ્તી ઈતિહાસમાં મોટા ભાજક તરીકેનું વર્ષ ક્યું છે ?

ઈ.સ.૧૯૨૧

૩૫- ઈ.સ.૨૦૧૧ અનુસાર ભારતની વસ્તી અંદાજે કેટલી છે ?

૧૨૧ કરોડ જેટલી

૩૬- અત્યારે ભારતમાં દર વર્ષે વસ્તી વધે છે તે ક્યા દેશ જેટલી અંદાજે છે ?

બ્રાઝિલ દેશ જેટલી

૩૭- અત્યારે વસ્તીની દ્રષ્ટિએ વિશ્વમાં ભારતનો નંબર ક્યો છે ?

બીજો

૩૮ જન્મદર કોણે કહેવાય ?

ભારતમાં દર હજારની વસ્તીએ જન્મ પામતાં નવાં બાળકોને જન્મદર કહે છે.

૩૯- મૃત્યુદર કોણે કહેવાય ?

ભારતમાં દર હજારની વસ્તીએ મૃત્યુ પામતાં લોકોને મૃત્યુદર કહે છે.

૪૦- બાળ મૃત્યુદર કોણે કહેવાય ?

ભારતમાં દર હજાર લોકોએ નવાં જન્મતાં બાળકોમાંથી એક વર્ષ પૂર્ણ કરતાં પહેલાં જે બાળકો મૃત્યુ પામે તે.

૪૧- વસ્તી વૃધ્ધિદર કોણે કહેવાય ?

જન્મદર અને મૃત્યુદર વચ્ચેના તફાવતને વસ્તી વૃધ્ધિદર કહે છે.

૪૨- ભારતમાં ઈ.સ.૨૦૧૧ માં દર હજાર પુરૂષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું છે ?

૯૪૦ જેટલું

૪૩- ભારતમાં ઈ.સ.૨૦૧૧ માં અંદાજે શિક્ષણનું પ્રમાણ કેટલું છે ?

૭૪ ટકા

૪૪- ઈ.સ.૨૦૧૧ ની વસ્તી ગણતરીનો રિપોર્ટ કોણે તૈયાર કર્યો ?

કમિશ્નર ચન્દ્રમૌલી

૪૫- ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતું રાજ્ય કોણ છે ?

ઉત્તરપ્રદેશ

૪૬- ભારતમાં સૌથી વધુ વસ્તી ધરાવતો જિલ્લો ક્યો છે ?

થાણે

૪૭- ભારતમાં સૌથી ઓછી વસ્તી ધરાવતો જિલ્લો ક્યો છે ?

દિબાંગવેલી

૪૮- ઈ.સ.૨૦૧૧ ની ભારતની વસ્તી ગણતરીનો ખર્ચ અંદાજે કેટલો થયો છે ?

૨૨૦૦ કરોડ રૂપિયા જેટલો

૪૯- ઈ.સ.૨૦૧૧ ની ભારતની વસ્તી ગણતરીનો માથાદીઠ ખર્ચ અંદાજે કેટલો છે ?

૧૮.૯૧ રૂપિયા જેટલો

૫૦-સ્ ઈ.સ.૨૦૧૧ માં ભારતમાં દર ચોરસ કિલોમીટરે વસ્તી ગીચતા કેટલી છે ?

૩૮૨